# સામાજિક વિજ્ઞાન ધોરણ 6 સત્ર 2

## Unit 4 સ્થાનિક સરકાર (ગ્રામીણ)

**પ્રશ્ન 1 યોગ્ય શબ્દો કે અંકો વડે નીચેનાં વિધાનોની ખાલી જગ્યાઓ પૂરો :** **[ 5 Mark]**

1 ગુજરાતમાં પંચાયતીરાજનું માળખું ...................... સ્તરનું છે.

2 ગ્રામપંચાયતના વડાને .................................. કહે છે.

3 ત્રણેય પંચાયતોની ચૂંટણીમાં ઉમેદવારી કરનાર નાગરિકની ઉંમર ...............વર્ષની કે તેથી વધુ હોવી જોઈએ.

4 તાલુકા પંચાયતના વહીવટી વડા '...............................; ના નામે ઓળખાય છે.

5 ............................ અદાલતોનો કાર્યભાર ઓછો કરે છે.

**પ્રશ્ન 2 નીચેનાં દરેક પ્રશ્નના ઉત્તરમાટે આપેલાં વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધો :** **[ 5 Mark]**

1 કેટલી વસ્તીવાળાં ગામોમાં ગ્રામપંચાયત હોય છે ?

[A] પંદર હજારથી ઓછી [B] વીસ હજારથી ઓછી

[C] પચીસ હજારથી ઓછી [D] એકવીસ હજારથી ઓછી

2 ગ્રામપંચાયતમાં સામાન્ય રીતે ઓછામાં ઓછા કેટલાં સભ્યો હોય છે ?

[A] નવ સભ્યો [B] છ સભ્યો

[C] સાત સભ્યો [D] પાંચ સભ્યો

3 પંચાયતીરાજની ત્રણેય પંચાયતોની મુદત સામાન્ય રીતે કેટલાં વર્ષની હોય છે ?

[A] પાંચ વર્ષની [B] ચાર વર્ષની

[C] છ વર્ષની [D] સાત વર્ષની

4 જિલ્લા પંચાયતના વહીવટી વડા ક્યા નામે ઓળખાય છે ?

[A] જિલ્લા વહીવટી અધિકારી [B] જિલ્લા વિકાસ અધિકારી

[C] જિલ્લા પ્રમુખ [D] જિલ્લા કમિશ્નર

5 તાલુકા પંચાયતની વહીવટી કામગીરી કોણ કરે છે ?

[A] તાલુકા પ્રમુખ [B] ચીફ ઑફિસર

[C] તાલુકા વિકાસ અધિકારી [D] તાલુકા ઉપપ્રમુખ

Piplava School

**પ્રશ્ન 3 બંધબેસતાં જોડકાં રચો :** **[ 5 Mark]**

| **વિભાગ 'અ'** | **વિભાગ 'બ'** |
|---|---|
| 1 ગ્રામસભા | 1 ગ્રામ પંચાયતના વડા |
| 2 તલાટી-કમ-મંત્રી | 2 જિલ્લાપંચાયત |
| 3 તાલુકા વિકાસ અધિકારી | 3 ગામના લોકો ભાગ લે છે. |
| 4 સરપંચ | 4 ગ્રામ પંચાયતના વહીવટી અધિકારી |
| 5 જિલ્લા વિકાસ અધિકારી | 5 તાલુકાપંચાયત |

**પ્રશ્ન 4 નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો :** **[ 5 Mark]**

1 ગ્રામસભા તાલુકા પંચાયતમાં મળે છે.

2 પંચાયતીરાજમાં સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ હોય છે.

3 ગામના સરપંચને પંચાયતના સભ્યોચૂંટે છે.

4 લોક અદાલતો અદાલતોના કામનું ભારણ વધારે છે.

5 જિલ્લા પંચાયતની મુદત દસ વર્ષની હોય છે.

Pipalava School